ACX-1543-44 Seat No.________

# M. A. (Sem. I) Examination

## November / December - 2016

## Gujarati : Paper - 103

*(Core Course)*

**૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોનો અભ્યાસ** *(Old Course)*

**૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોનો અભ્યાસ** *(New Course)*

Time : **3** Hours] [Total Marks : **70**

## ૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોનો અભ્યાસ *(Old Course)*

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ વ્યાવર્તક લક્ષણોને આધારે ફાગુકાવ્યનું સ્વરૂપ સ્પષ્ટ કરો.

અથવા

૧ ફાગુકાવ્યના વિકાસમાં જૈન-જૈનેતર કવિઓના પ્રદાનને મૂલવો.

૨ વસંતવિલાસ એ મધ્યકાળનું ઉત્તમ ફાગુકાવ્ય છે- આ વિધાનની સમીક્ષા કરો.

અથવા

૨ ટૂંકનોંધ લખો :

(૧) વસંતવિલાસ-માં પ્રકૃતિ વર્ણન

(૨) વસંતવિલાસ-માં અન્યોક્તિઓ.

૩ આખ્યાનકાવ્યની સ્વરૂપગત લાક્ષણિકતાઓ જણાવો.

**અથવા**

૩ મધ્યકાળમાં થયેલો આખ્યાન કાવ્યનો વિકાસ આલેખો.

૪ કુંવરબાઈનું મામેરું - એ પ્રેમાનંદનું હૃદયંગમ અને સુશ્લિષ્ઠ આખ્યાન કાવ્ય છે- આ વિધાનનું મૂલ્યાંકન કરો.

**અથવા**

૪ ટૂંકનોંધ લખોઃ

(૧) કુંવરબાઈનું મામેરું-માં હાસ્યરસ

(૨) કુંવરબાઈનું પાત્ર.

૫ ટૂંકમાં ઉત્તર લખોઃ (કોઈ પણ સાત)

(૧) ફાગુનાં બે મહત્વનાં લક્ષણો જણાવો.

(૨) ચાર જૈન ફાગુકાવ્યો અને તેના કર્તાનાં નામ લખો.

(૩) વિરહિણી નાયિકા ભ્રમર તથા ચંદ્રને કઈ વિનંતી કરે છે ?

(૪) ફાગુમાં કઈ ઋતુનું અને કયા રસનું નિરૂપણ કરવામાં આવે છે ?

(૫) પિયુમિલન માટે સજ્જ સુંદરીનું મુખવર્ણન લખો.

(૬) વસંતવિલાસના આરંભે કવિએ કોની સ્તુતિ કરી છે ? કેમ ?

(૭) કડવું એટલે શું ? સમજૂતી લખો.

(૮) પ્રેમાનંદ પૂર્વેના ચાર આખ્યાનકવિઓનાં નામ લખો.

(૯) આખ્યાન કાવ્યના પિતા તરીકે કોણ ઓળખાય છે ? શા માટે ?

(૧૦) પ્રેમાનંદનાં ચાર આખ્યાનકાવ્યનાં નામ જણાવો.

(૧૧) કુંવરબાઈની વડસાસુના સ્વભાવની લાક્ષણિકતાઓ બતાવો.

(૧૨) સાધુપિતાને દુઃખ દેવાને મારે સીમંત શાને આવ્યું રે !
આવું કોણ બોલે છે ? શા માટે ?

## ૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોનો અભ્યાસ
## *(New Course)*

**સૂચના** : દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ રાસ-રાસોની વિભાવના સ્પષ્ટ કરી એની લાક્ષણિકતાઓ જણાવો. ૧૪

**અથવા**

૧ રાસ-રાસોનો ઉદભવ અને વિકાસ આલેખો. ૧૪

૨ શાલિભદ્રસૂરિરચિત ભરતેશ્વર - બાહુબલિરાસ નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. ૧૪

**અથવા**

૨ ટૂંકનોંધ લખો : ૧૪

(૧) ભરતેશ્વર-બાહુબલિરાસમાં વર્ણનો

(૨) બાહુબલિ-નું પાત્ર ચિત્રણ

૩ પદ સાહિત્યસ્વરૂપનાં મહત્ત્વનાં લક્ષણો જણાવો. ૧૪

**અથવા**

૩ પદસ્વરૂપની વિકાસરેખા સ્પષ્ટ કરો. ૧૪

૪ દયારામમાં ભક્તિ અને કાવ્યનું એક અભેદ્ય રસાયન સિદ્ધ થયું છે. - વાંસલડીની રચનાઓ સંદર્ભે આ વિધાન તપાસો. ૧૪

**અથવા**

૪ ટૂંકનોંધ લખો : ૧૪

(૧) વાંસલડી-માં ભક્તિબોધનાં પદો

(૨) દયારામની પદાવલિ.

૫ ટૂંકમાં ઉત્તર લખો : (કોઈ પણ સાત)

(૧) રાસ-રાસોના અંત વિશે સંક્ષિપ્તમાં લખો.

(૨) ગુજરાતીની સૌ પ્રથમ રાસકૃતિ કઈ છે ? રચયિતાનું નામ અને રચનાવર્ષ જણાવો.

(૩) રાસનૃત્યના કેટલા પ્રકાર છે ? કયા-કયા ?

(૪) ભરત અને બાહુબલિનાં માતા-પિતાનું નામ જણાવો.

(૫) ભરતેશ્વર-બાહુબલિરાસ-નો મુખ્ય રસ કયો છે ? અન્ય કયા રસનું તેમાં આલેખન થયું છે ?

(૬) શાલિભદ્રસૂરિની કવિત્વશકિત અને કલ્પનાશક્તિનું એક ઉદાહરણ જણાવો.

(૭) પદ એટલે શું ? સમજૂતી લખો.

(૮) વસ્તુદૃષ્ટિએ પદના વિભાગ જણાવો.

(૯) ભોજાનાં પદ કયા નામથી ઓળખાય છે ? એક ઉદાહરણ લખો.

(૧૦) દયારામનાં કોઈ પણ બે પદની ધ્રુવપંક્તિ લખી જણાવો.

(૧૧) વાંસલડી માં કેટલી પદરચના (કાવ્યરચના)ઓ સમાવિષ્ટ છે ? એના રચયિતાનું નામ જણાવી કોઈ બે રચનાનાં શીર્ષક લખો.

(૧૨) વાંસલડીની એક રચનામાં કોની વચ્ચે ઝઘડો છે ? શા માટે ?

---